બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩)

નોંધ :-(૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

☞ વિશેષ નોંધ ☜

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

## (વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, અઢારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૧)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ''મારું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત અખંડ રહે.'' (૧૪/૨૫)
➩ નીલકંઠવર્ણી - સૂર્યનારાયણને
➩ નીલકંઠવર્ણીએ કઠોર તપ કર્યું. ત્યાર પછી સૂર્યનારાયણ જ્યારે સાક્ષાત્ મૂર્તિમાન મનુષ્યરૂપ ધરી નીલકંઠવર્ણી સામે પ્રગટ થયા ત્યારે કહે છે.

૨. ''ભગવાનનું ભજન કર કે તારો ધણી અને ધણીનોય ધણી ભગવાન, આપણને જલદી મળી જાય.'' (૩૧/૫૮)
➩ ડોશીમા - ભગવાનદાસની પત્નીને
➩ ભગવાનદાસ ભગવાનની શોધમાં નીકળે છે. ત્યારે તેની પત્ની કહે છે મારા પ્રભુ તો તમે જ છો. તમને આખી જિંદગી સુધી પ્રભુનો પત્તો જ લાગે નહિ તો મારે તો તમારી વાટ જ જોયા કરવાનીને ! ત્યારે કહે છે.

૩. ''આ જે દીવાલમાં છિદ્ર છે તે સાધુના ધર્મમાં એક દિવસ છિદ્ર જરૂર પડાવશે.'' (૪૭/૯૩-૯૪)
➩ નીલકંઠવર્ણી - મુક્તાનંદ સ્વામીને
➩ આશ્રમ અને વાળંદના ઘરની દીવાલના ગોખલામાંથી સાધુઓ અને વાળંદની સ્ત્રીને દેવતાની આપલે કરતાં જોયાં ત્યારે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. લાલજી સુથાર હોંશે હોંશે લોજની વાટે ચાલ્યા. (૫૧/૧૦૨)
જ. લાલજી સુથાર રામાનંદ સ્વામીને મળવા ગયા અને રામાનંદ સ્વામીએ ઠપકો આપતાં નીલકંઠવર્ણીને રામચંદ્ર, દત્તાત્રેય, ઋષભદેવ, સર્વેથી મોટા તેમજ અવતારના અવતારી છે એવો મહિમા કહ્યો તેથી.

૨. હનુમાનજીએ રામજી મંદિરના બાવાઓનાં હાડકાં ખોખરાં કરી નાખ્યાં. (૨૨/૪૧)
જ. નીલકંઠવર્ણીએ બાવાઓને સ્ત્રી-ધનના ત્યાગનો ઉપદેશ આપ્યો. તે બાવાઓને ન ગમતાં નીલકંઠવર્ણીને મંદિરમાંથી કાઢી મૂક્યા. તેથી હનુમાનજીએ તેમને ખૂબ મારીને હાડકાં ખોખરા કરી નાખ્યાં.

૩. લાખા કોળીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. (૩૮/૭૨)
જ. લાખા કોળીની ઝોળીમાં મરેલાં માછલાં જોઈને વર્ણીએ કહ્યું :'ભાઈ ! ભગવાન તને નહિ પૂછે કે આટલા જીવ તેં કેમ માર્યા? જીવતાને મારી નાખવાનો તને શો અધિકાર છે ? આ સાંભળી લાખાનું અંતર ઘાયલ થયું અને તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. રાજા રણજિતસિંહને ઉપદેશ (૮/૧૪-૧૫)** પંજાબના રાજા રણજિતસિંહ બદરીનાથમાં નીલકંઠવર્ણીનાં દર્શનથી ખૂબ પ્રભાવિત થયા. તેમણે વર્ણીને સ્તુતિ કરતાં કહ્યું : 'હવે હું આપને છોડીશ નહીં. આપ મને છોડશો નહીં. આપ કહેશો એ નિયમ હું રાખીશ.' વર્ણીએ તેમને પોતાની સાથે રહેવાની ના પાડતાં કહ્યું : 'અમે પછી તમે જ્યાં હશો ત્યાં તમને મળીશું. હમણાં તમે જાઓ.' રાજાને આ આજ્ઞા ખૂબ વસમી લાગી. છતાં ફરી મળવાની આશાએ તેણે ધીરજ રાખી. નીલકંઠવર્ણી ગંગોત્રીમાં ગંગાજીના મંદિરમાં દર્શન કરીને હરિદ્વાર આવ્યા. અહીં હરકી પેડી પર રાજા રણજિતસિંહને નીલકંઠવર્ણીનો ફરી મેળાપ થયો. રાજાએ વર્ણીના ચરણોમાં પોતાનું રાજ્ય અર્પણ કરવાની ભાવના દર્શાવી. જેની વર્ણીને લેશમાત્ર સ્પૃહા નહોતી. રાજાને આશીર્વાદ આપતાં વર્ણીએ કહ્યું: 'અમારી સ્મૃતિ કરતાં રાજ્ય કરજે ને જો અમારું જ્ઞાન તારા અંતરમાં સ્થિર થશે તો રાજ્ય તને બંધન નહીં કરે.' રાજાના મસ્તક પર હાથ મૂકીને પોતાના દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું અને શાંતિ પમાડી.

**૨. મહંતાઈના પ્રલોભનનો ત્યાગ (૬/૧૦-૧૨)** શ્રીકૃષ્ણના વિયોગમાં હિમાલયના શ્રીપુર શહેરમાં ઉદ્ધવજીએ તપ કર્યું હતું. તે પવિત્ર સ્થાન પર નારદજીએ શ્રીપુર નામનું શહેર વસાવ્યું હતું. નીલકંઠવર્ણી અહીં આવી પહોંચ્યા તેમણે ગામ બહાર આવેલા મઠના ઓટલા ઉપર આસન જમાવ્યું. મઠના મહંતને ખબર પડતાં તેઓએ નીલકંઠને મઠમાં આવી વિશ્રામ કરવા કહ્યું કારણ કે ત્યાં જંગલી જાનવરોનો ભય ખૂબ હતો પણ નીલકંઠે કહ્યું 'મને મૃત્યુનો ભય નથી અને હું વસતિમાં રહેતો નથી.' રાત્રે એક શેર આવ્યો પણ વર્ણીએ તેના પર દૃષ્ટિ કરતાં સમાધિના દિવ્ય સુખનો અનુભવ કરતાં શેર વર્ણીના પગ આગળ લપાઈને બેસી ગયો. શેરના શરીર પર વર્ણી હાથ ફેરવતા હતા. મહંતે આ દૃશ્ય જોયું. પરોઢ થતાં શેર ચાલ્યો ગયો. ત્યાર પછી મહંતે વર્ણી પાસે આવીને લાખ રૂપિયાની આવકવાળા આ મઠના મઠાધિપતિ બનાવવાનું કહ્યું ત્યારે વર્ણીએ ના પાડતાં કહ્યું, ''મઠ, મિલકત કે આશ્રમની અપેક્ષા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? મારે તો તીર્થોમાં ફરી અનેક જીવોનું કલ્યાણ કરવું છે. સાચો સત્સંગ શું છે તે જગતને સમજાવવું છે.'' આમ, કહી ત્યાંથી ચાલી નીકળ્યાં.

**૩. ધર્મધુરા સોંપી (૫૫/૧૦૮-૧૧૨)** રામાનંદ સ્વામી, સહજાનંદને ધર્મધુરા સોંપવાનો વિચાર - સંતો અને હરિભક્તોની સલાહ - કાર્તિક સુદ એકાદશીનું મુહૂર્ત - કંકોત્રી સહકુટુંબ પધારવા આજ્ઞા - જેતપુર ગામ વિશાળ મંડપ, યજ્ઞ શાળા પાકશાળાની વ્યવસ્થા, ધજા પતાકાથી ગામની શોભા વાજતે ગાજતે નગર યાત્રા - સ્ત્રીઓના મંગળ ગીત તથા યજ્ઞમંડપમાં આહુતિ - રામાનંદ સ્વામીને સહજાનંદ સ્વામીએ પૂજા તથા પ્રણામ - લોકકલ્યાણનાં કાર્યો - મંદિર બાંધવા, વિષ્ણુયાગ કરવા, ગ્રંથ રચવા વગેરે આજ્ઞા. સર્વે હરિભક્તો અને સંતોને સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનો આદેશ. બે વરદાન માંગ્યાં - તમારા ભક્તનું વીંછીનું દુઃખ મને રુંવાડે રુંવાડે આવો. રામપત્તર નસીબમાં હોય તો મને આવો, પણ હરિભક્ત અન્ન વસ્ત્રે દુઃખી ન થાઓ એવી ઉદાર ભાવના સાથે બે વર આપો.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. નીલકંઠવર્ણીએ ગૃહત્યાગ ક્યારે કર્યો ? (૧/૧)

જ. વિ.સં. ૧૮૪૮ના અષાઢ સુદ ૧૦ના વહેલી પ્રભાતે નીલકંઠવર્ણીએ ગૃહત્યાગ કર્યો. **અથવા** નીલકંઠવર્ણીએ અગિયાર વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો.

૨. નીલકંઠવર્ણીના જમણા પગમાં કયા ચિહ્નો હતાં ? (૩૧/૬૦)

જ. નીલકંઠવર્ણીના જમણા પગમાં ઊર્ધ્વરેખા, અષ્ટકોણ, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ અને પદ્મ એમ નવ ચિહ્નો હતાં.

૩. તાજી કમળકાકડી ખાવા જતાં નીલકંઠવર્ણીએ કોનો મોક્ષ કર્યો ? (૨૪/૪૬)

જ. તાજી કમળકાકડી ખાવા જતાં નીલકંઠવર્ણીએ જાંબુવાનનો મોક્ષ કર્યો. **અથવા** તાજી કમળકાકડી ખાવા જતાં નીલકંઠવર્ણીએ રીંછનો મોક્ષ કર્યો.

૪. નીલકંઠવર્ણીએ પોતાનું ભાવિ નામ 'સહજાનંદ' કોને અને ક્યાં કહ્યું હતું ? (૩૯/૭૬)

જ. નીલકંઠવર્ણીએ પોતાનું ભાવિ નામ 'સહજાનંદ' ભનાપાઠકને કાઠિયાવાડમાં આવેલ ગુપ્તપ્રયાગમાં કહ્યું હતું.

૫. સિરપુરમાં કયા રાજા રાજ્ય કરતા હતા ? (૧૯/૩૩)

જ. સિરપુરમાં સિદ્ધવલ્લભ રાજા રાજ્ય કરતા હતા.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૪ (૧૫/૨૭) **૨.** ૧, ૨, ૪ (૧૯/૩૩-૩૪)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : જે ખાલી જગ્યામાં બે જવાબ આવતા હોય ત્યાં બંને જવાબ સાચા હોય તો જ ગુણ આપવા.**

**૧.** બાંસી, બળવા (૯/૧૬) **૨.** ઇંદ્રદ્યુમ્ન (૨૭/૪૮) **૩.** સુખાનંદ, લોજ (૪૩/૮૫-૮૬) **૪.** સુદ એકાદશી (૫૪/૧૦૭)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, બારમી આવૃત્તિ - એપ્રિલ , ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''એક નખ જેટલી પૃથ્વીમાં પણ તમારા વિના બીજો ભગવાન ભાળતો નથી.'' (૧/૭)

➯ બ્રહ્માનંદ સ્વામી - મહારાજને

➯ બ્રહ્માનંદ સ્વામીનું શરીર સ્થૂળ હતું. તેથી તેમણે મહારાજ પાસે થોડું વધારે કંતાન માંગ્યું. ત્યારે મહારાજે વધારે કંતાન આપવાની ના પાડી ત્યારે બ્રહ્માનંદ સ્વામી ઉપર, નીચે એમ ચારેય બાજુ જોવા લાગ્યા ત્યારે મહારાજે પૂછ્યું : શું જુઓ છો ? ત્યારે.

૨. ''આના જેવા કોઈ સાધુ નથી અને હું જેવો કોઈ ભગવાન નથી.'' (૪/૨૭)

➯ મહારાજ - સંતોને

➯ દેશકાળ સુધાર્યા હોવાથી સંતોને શિખા- સૂત્ર ધારણ કરાવી પૂજા આપી. પોતાના અનન્ય ભક્ત ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં તિલક-ચાંદલો કરી સર્વે સંતોને દેખાડીને કહ્યું.

૩. ''મારે તો બ્રહ્મચર્ય પાળીને ભગવાન ભજવા છે.'' (૬/૪૦) ➯ જીવુબા - સાસુ રાઈબાને

➯ આ દેહે કરીને ભગવાનની ભક્તિ કરવાની દૃઢ ઇચ્છાવાળા જીવુબાએ સાસુ રાઈબાનો સરળ સ્વભાવ જોઈ મનની વાત કરતાં કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. આશાભાઈ શાસ્ત્રીજી મહારાજની વિશેષ નજીક આવ્યા. (૮/૫૫)

જ. વ્યાવહારિક મુશ્કેલીઓને કારણે આશાભાઈએ છોટાઉદેપુરમાં ખેતી માટે જમીન રાખી હતી. સ્વામીશ્રીએ તેમને ત્યાં જવાની ના પાડી છતાં તેઓ જવાની લાલચ રોકી શક્યા નહિ. ત્યારે સ્વામીશ્રીએ આદેશ આપતાં કહ્યું :'અમને મોટા પુરુષ જાણતા હો તો ન જશો ને તમારું દુઃખ અમારી ગાદી તળે. આ વચનોથી તેમનું અંતર ભેદાઈ ગયું. ચમત્કારિક અનુભવ થયો અને તેઓ શાસ્ત્રીજી મહારાજની વિશેષ નજીક આવ્યા.

૨. રથમાંથી ઊતરી જીવુબા ઉઘાડે પગે ચાલવા લાગ્યાં. (૬/૪૧-૪૨)

જ. અખંડાનંદ સ્વામીને ઝાડા થઈ ગયેલા હતા. ચાલવાની શક્તિ રહી ન હતી. તે વખતે જીવુબા રથમાં બેસી કારિયાણીથી ગઢપુર આવતાં હતાં. જીવુબાથી સંતનું દુઃખ જોયું ગયું નહિ. તેથી પોતે રથમાંથી ઉતરી સંતને રથમાં બેસાડ્યા અને ગઢપુર પહોંચાડવાની આજ્ઞા કરી તેઓ આકરા તાપમાં ઉઘાડે પગે ચાલી નીકળ્યા.

**પ્ર.૯** 'શ્રીજીમહારાજે મુનિબાવાને કરાવેલી નિષ્ઠા' (૧/૪-૫) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

સુરતમાં સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને વેદાંતી મુનિબાવા મહાભિમાની હતા. તેમની પાસે ભણવા રહેલા બ્રહ્માનંદ સ્વામીએ તેમને નમ્રતા અને તેજસ્વિતાથી વશ કર્યા. આત્મા-પરમાત્માનો સાચો સિદ્ધાંત અને મહારાજના મહિમાની વાતો કરી. મુનિબાવા મહારાજનાં દર્શન કરવા ગઢડા આવ્યા ત્યારે મહારાજે તેમના સામું જોયા વગર કહ્યું, 'કોણ મુનિબાવા ?' તેથી તેઓ સભા છોડીને ચાલ્યા ગયા. બીજે દિવસે સંધ્યા આરતીનાં દર્શન કરવા ગયેલા મુનિબાવાએ જોયું કે એક મણના તકિયાને મહારાજે એક આંગળી ઉપર ફેરવીને આસન ઉપર ફેંક્યો તો તકિયો યોગ્ય જગ્યાએ ગોઠવાઇ ગયો અને મહારાજમાં ગોવર્ધનધારીની મૂર્તિ નિહાળી અને મહારાજ પાસે આવી હાથ જોડ્યા. મહારાજે તેમને ગુલાબનો હાર પહેરાવ્યો. તેની સુગંધથી મુનિબાવાને સમાધિ થઈ. આ દિવ્ય દર્શનથી તેમને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા થઈ. આમ, મુનિબાવાને શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા થઈ.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. દેવાનંદ સ્વામીનું બાળપણનું નામ શું હતું ? (૨/૧૩)

જ. દેવાનંદ સ્વામીનું બાળપણનું નામ દેવીદાન હતું.

૨. બ્રહ્માનંદ સ્વામીએ રચેલા પ્રસિદ્ધ ગ્રંથોમાંથી કોઈપણ ચાર ગ્રંથોના નામ આપો ? (૧/૯-૧૦)

જ. બ્રહ્માનંદ સ્વામીએ રચેલાં પ્રસિદ્ધ ગ્રંથો બ્રહ્માનંદ કાવ્ય, શ્રી સુમતિપ્રકાશ, બ્રહ્મવિલાસ, શિક્ષાપત્રી (પદ્યમાં), ઉપદેશ ચિંતામણિ ચંદ્રાવળા અને ઉપદેશ રત્નદીપક.

૩. નિર્ગુણદાસ સ્વામીનો કડપ અને પ્રભાવ કેવો હતો ? (૭/૪૭)

જ. તેઓ વરતાલમાં હતા ત્યાં સુધી કોઈ સાધુ 'જા' કે 'પ્રા' એટલો શબ્દ પણ કોઈથી બોલાતો નહિ એવો તેમનો કડપ જબરજસ્ત હતો.

૪. મહાજોગીને પગે લાગતાં જોબન પગીને અંતરમાં કેવો ભાવ થયો ? (૫/૩૧)

જ. મહાજોગીને પગે લાગતાં જોબન પગીને 'આવા જોગી આપણે ત્યાં રહે તો કેવું સારું !' તેવો અંતરમાં ભાવ થયો.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : આશાભાઈમાંથી યજ્ઞપ્રિયદાસજી (૮/૫૯-૬૦)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૧૨ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૨ | ૬ | ૫ | ૧ | ૧૨ | ૯ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો : જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમ : ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચું ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો .**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **ભક્તરાજ દરબાર શ્રી ઝીણાભાઈ :** સોરઠની ભૂમિમાં નાઘેર પ્રદેશમાં આવેલું નાનકડું પંચાળા ગામ. સિદ્ધરાજ જયસિંહના વંશજ સોલંકી વાઘેલાના રાજપૂત ઠાકોર મનુભાના કુમાર એ જ ઝીણાભાઈ. (૪/૨૩)

૨. **સદ્ગુરુ શુકાનંદ સ્વામી :** સંવત ૧૮૭૨ના માઘ માસમાં મુક્તાનંદ સ્વામીએ વેદવિધિથી એમને દીક્ષા આપીને શુકાનંદ સ્વામી નામ પાડ્યું. (૩/૧૯)

૩. **ભક્તરાજ જોબન પગી :** સવારે હરિભક્તો દર્શને આવ્યા. પગી કહે : મહારાજ થાક્યા છે એટલે પોઢ્યા છે. થોડી વારે જોયું તો પલંગ ખાલી. (૫/૩૫)

૪. **ભક્તરાજ જીવુબા :** એભલખાચર મૂળ રામાનંદ સ્વામીના શિષ્ય. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ગાદી આપી છે. એ વાતની એમને ખબર હતી. (૬/૪૧)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **સદ્ગુણ સાગર પ્રમુખ સ્વામી :** (૧) ભાગવતકારે ઉત્તમ સંતના ૬૪ લક્ષણો બતાવ્યાં - આવા ગુણો હોય તે જ સાચા સંત. (૨) શાસ્ત્રીજી મહારાજ કહેતા કે ભાગવતકારે વર્ણવેલ ગુણોમાંથી કદાચ કોઈ ગુણ રહી ગયો હોય તો તે યોગીજી મહારાજમાં મળી આવે. પ્રમુખસ્વામી મહારાજ એ યોગીજી મહારાજના આદર્શ શિષ્ય - તેમનામાં પણ અનેક ગુણો - સદ્ગુણોના સાગર. (૩) સ્વામીશ્રીની ગુણ રાશી એટલે કે ગુણોના સમુહમાં અનેક ગુણો જણાય છે. ક્ષમા, ઉદારતા, પંચવર્તમાનની દૃઢતા, ધીરજ, પ્રેમ, સ્થિતપ્રજ્ઞતા, નિર્માનીપણું. - આ ગુણો પર પ્રકાશ પાડતા પ્રસંગો. (૪) સૌથી મોટો ગુણ એટલે કે સદ્ગુણ. પોતાના ગુરુ તેમજ પોતાના ઈષ્ટદેવ પ્રત્યે સમર્પણભાવ, ભક્તિ, આજ્ઞામાં ટૂકટૂક, સારધાર આજ્ઞાપાલન - પ્રીતિ સાથે સાથે પોતાના આશ્રિતો, સંતો હરિભક્તો પ્રત્યે પણ અગાધ પ્રેમ, કરુણાસભર હૃદય, ભક્તોના દુઃખે દુઃખી. આ બધા માટે શું કરી નાખું તેવી ભાવના. (૫) અન્ય સંતોમાં કદાચ ભાગવતકારના કથન મુજબ ગુણો હોય પણ સ્વામીશ્રી જેવું આત્મીયતાથી તરબોળ વ્યક્તિત્વ બીજાનું ન જ હોય. તેથી જ સ્વામીજી સદ્ગુણ સાગર જ નહિ પણ સદ્ગુણોનાં મહાસાગર.

૨. **વર્તન વાતુ કરશે :** (૧) મહારાજની સંતોને વિચરણની આજ્ઞા - 'અમને જ્ઞાન નથી' શું વાત કરવી ? મહારાજ કહે 'વર્તન વાતું કરશે.' (૨) શ્રીજીમહારાજે પોતે જે જે આજ્ઞા સંતોને, હરિભક્તોને કરી તેમાં પોતે વર્તીને પછી વર્તાવ્યું વર્તન અણિશુધ્ધ - રાંધેલ અન્ન ભિક્ષામાં માંગીને જમ્યા પછી જમવાની આજ્ઞા. (૩) મહારાજના સંતો હરિભક્તોની વાત સમાજમાં નિરાળી - કારણ વર્તન શુધ્ધ - કોઈ મારે ગાળ દે છતાં સહનશીલ - પ્રસંગો (૪) મહારાજથી માંડી વર્તમાનકાળે પ્રમુખ સ્વામી મહારાજના ભક્તોના વર્તનની પણ સમાજમાં આગવી છાપ - બાળકથી માંડીને વડીલો સંતો - દરેકની વર્તનથી ઓળખાણ - પ્રમુખ સ્વામીના શિષ્ય છે. (૫) આ બધાના વર્તનની પાછળનું કારણ સત્પુરુષનું પોતાનું અણિશુધ્ધ વર્તન - લેશમાત્ર, રંચમાત્ર, પણ આજ્ઞામાં ફેર નહિ - કહેણી કરતાં રહેણી ચઢી જાય - 'કહેણી મિસરી ખાંડ... ઐસા વીરલા કોક' આનું આબેહૂબ દર્શન સ્વામીશ્રીમાં - આ કારણથી જ

સત્સંગનો હરણફાળ જેવો વિકાસ - વર્તન વાતો કરે છે. (૬) ઉપસંહાર.

૩. **યોગીજી મહારાજનો યુવાનોને ચારિત્ર્યબોધ :** (૧) ઉપનિષદની પ્રેરક કથા - યુવાનો માટે ઈન્દ્રને અને બ્રહ્મજ્ઞાન વિરોચનને મેળવવાની અભિલાષા - પ્રજાપતિની એક સંવત્સર ત્યાં જ રહેવાની આજ્ઞા - ઈન્દ્રે પ્રજાપતિનું કહ્યું - અમે ભવન બાંધનાર, રસોઈ કરનાર નિષ્ણાતો, નોકર-ચાકર, અપ્સરાઓ વગેરે વખતે આવ્યા છીએ. પ્રજાપતિનો સગવડોથી દૂર રહેવાનો આગ્રહ - નીચે સૂવાનું, ભિક્ષા માંગીને નિર્વાહ કરવાનો, જાતે જ બધું પોતાનું કાર્ય કરવાનું અને અખંડ બ્રહ્મચર્ય પાળવાની શરતો આ બધી અગવડો વેઠવા વિરોચન અસમર્થ તે જતો રહ્યો પણ ઈન્દ્રની બધી શરતો નિયમો પામવાની તૈયારી - પ્રજાપતિની પ્રસન્નતા - બ્રહ્મજ્ઞાનની ગુરુ દ્વારા પ્રાપ્તિ. (૨) બ્રહ્મજ્ઞાન મેળવનાર યુવાને કેવાં તપ, સંયમ, સ્વાશ્રય વગેરે ગુણોથી પરિપૂર્ણ હોવું આવશ્યક. તેની વિભાવના ઉપનિષદના આ કથનમાં - ઈન્દ્રએ જે રીતે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું તે બધા સદ્‌ગુણોના સમૂહનું સંયુક્ત નામ એટલે ચારિત્ર્ય. પ્રાચીન કાળના આશ્રમોમાં આવું તેજસ્વી ચારિત્ર્યમય વિદ્યાર્થીઓ યુવાનો દ્વારા જીવાતું. (૩) વર્તમાન સમયમાં સ્વચ્છતામાં રાચતી ચારિત્ર્ય વિનાની નિર્માણ યુવાપેઢી - ક્યાં ગયા એ ભારતના હૃદય સમા ગૌરવ અપાવતા નચિકેતા જેવા યુવાનો ભૌતિક પ્રલોભનો સામે ટક્કર ઝીલનારા, નહિ ઝૂકનારા, અડગ રહેનારા, આરુણિ, ઉપમન્યુ, લક્ષ્મણ, કચની ચારિત્ર્યગાથા આ બધુ આજના યુવાનોને કેમ અસંગત લાગે છે. (૪) દુનિયાના ચિંતકોની આ દિશામાં કોઈ ચિંતા જ જણાતી નથી. આવા સમયમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પ્રાચીન ભારતની ચારિત્ર્ય-થાપણને આધુનિક વિદ્યાર્થીઓના જીવનમાં પુનઃ સાકાર કરવાનો સંકલ્પ આજથી ૬૦ વર્ષ પૂર્વેનો - યોગીજી મહારાજ એક એવું વિરલ વ્યક્તિત્વ - જેમના દ્વારા યુવાનોમાં ચારિત્ર્યનું નિર્માણ - દિશાવિહીન યુવાનો પર સ્નેહનું સિંચન - નિઃસ્વાર્થ અને નિર્મળ સ્નેહથી યુવાનોને ચારિત્ર્યમાર્ગની સાચી દિશામાં દોર્યા. (૫) કઈ રીતે દિશા ભૂલેલ યુવાનોને ચેતનવંતા બનાવતા - ફર્સ્ટક્લાસ, નિર્જળા ઉપવાસ કરાવવાનો આગ્રહ - તેના દ્વારા ઈન્દ્રિયો પર સંયમ. (૬) બીજું સોપાના સ્વાદેન્દ્રિય પર સંયમબોધ. ચારિત્ર્યમાં સર્વશ્રેષ્ઠ એવા ભારતના યુવાનો વર્તમાન સમયે ઊણા ઉતરે તે કઈ રીતે ચાલે ? એટલે જ યોગીજી મહારાજ દ્વારા પોતાના બ્રહ્મતેજથી યુવાનોમાં દિવ્ય ચેતનાનું પ્રાગટ્ય. સંયમ, સદાચાર અને ચારિત્ર્યથી સંસ્કાર નિર્માણ. (૭) યુવકો ટ્રેઈન દ્વારા નવાગામ - સ્ટેશન આવ્યું સૌ ઉતરી ગયા એક યુવક ઉંઘી ગયેલ તે કોઈના ધ્યાનમાં ન આવ્યું - યોગીજી મહારાજને આ વાતની જાણ - જોડમાં રહેવાનો નિયમ - જેથી એકબીજાને મદદરૂપ થવાય, સેવા થાય, ખટકો રાખીને નિયમ પળાય. યોગીજી મહારાજનો ચારિત્ર્યબોધ આપણે બ્રહ્મચર્યનું પાલન કરવું. બ્રહ્મચર્ય તે બ્રહ્મસ્વરૂપ. (૮) અષ્ટાંગયોગ સિદ્ધ કરવો દુર્લભ - તો તેના ફળ સ્વરૂપે ભગવાનની અનુભૂતિ થવી તે તો અષ્ટાંગયોગથી પણ દુર્લભ - પરંતુ યોગીજી મહારાજના યોગમાં આવનારા યુવોનોની હૃદયગ્રંથિ ભેદાઈ જતી - સંશયોનું છેદન - ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિ ગુણોના અંકુરનું પાંગરવું - અજ્ઞાન - અંધકાર દૂર - જ્ઞાન પ્રકાશની પ્રતિતી - દિવ્ય અનુભૂતિનો આનંદ - સંયમ નિયમમાં વરતાવીને યુવકો ભગવાનને વરણીય થાય તેવા કરવાની મહેચ્છા - આધુનિકતાના રંગે રંગાયેલા યુવાનોમાં તેમને દિવ્યતાનાં દર્શન - યોગીજી મહારાજ પોતે જે આદર્શો જીવનભર સેવ્યા તે જ આદર્શોની પરાકાષ્ઠાએ યુવાનોને લઈ જવાની તેમની ઝંખના - પત્રો દ્વારા માર્ગદર્શન, હેત, પ્રીત, સદાચારનું ટાંકણું લઈને શિલ્પોનું ઘડતર - ભલાં ભોળાં અને અભણ લાગતા યોગીજી મહારાજ આધુનિક સુશિક્ષિત યુવાનોનું આર્કષણ - તેથી જ યોગીજી મહારાજ દ્વારા અનેક યુવાનો સાધુની દીક્ષા - મુંબઈ, અમદાવાદ, ઈગ્લેન્ડ, આફ્રિકાની કોલેજોમાં ભણતા રંગીલા યુવકો અને ક્યાં વિરક્ત સંત - બંને અંતિમાં વચ્ચેની ખાઈને પૂરીને ચારિત્ર્યબોધ આપીને ઉચ્ચ આધ્યાત્મિક શિખર પર વિરાજમાન કર્યાં. તે જ ચારિત્ર્યના દીપ વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રજ્જવલિત થઈને સમાજમાં નવચેતના સર્જી રહ્યા છે.

❑ ❑ ❑